# ગુજરાતમાં અસ્પૃશ્યતાની સમસ્યા - એક દ્રષ્ટિપાત

ડૉ. ભરતભાઈ એમ. તડવી,
એસોસિયેટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ,
ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ, ગાંધીનગર

**સારસંક્ષેપ:**

ભારતમાં વૈદિકકાળથી (ઋગ્વેદકાળ) માંડીને સમકાલિન જ્ઞાતિવ્યવસ્થામાં અસ્પૃશ્યતા અંગેના કોઈને કોઈ સ્વરૂપના ભેદભાવો ટકી રહયા છે. ૧૯મી સદી દરમ્યાન જ્યારે સમાજસુધારકોનું આંદોલન થયું ત્યારે પણ દલિતોનું ઘણું જ શોષણ થયું હતું. શાળા, સાર્વજનિક જળાશયો, હોટલો, ટ્રેન, વ્યાપાર, નોકરી, મંદિરો, રસ્તા, વસવાટો, સાંસ્કૃતિક શૈક્ષણિક અને આર્થિક વિકાસ માટેના તમામ સાધનો તેમને માટે બંધ હતા. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં મહારાષ્ટ્રમાં જ્યોતિબા ફુલે અને ૨૦મી સદીમાં ડૉ.ભીમરાવ આંબેડકરે દલિતોના સામાજિક, આર્થિક અને રાજકિય અધિકારો અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

આવી જ રીતે ગુજરાતમાં કવિ નર્મદ, દુર્ગારામ મહેતાજી, કરશનદાસ મૂળજી જેવા પ્રથમ હરોળના સમાજસુધારકો અસ્પૃશ્યો સુધી પહોંચી શક્યા ન હતા, તેવા સમયે વડોદરા રાજ્યના મહારાજા સયાજીરાવ ગાયકવાડે આ કાર્યની પહેલ કરી હતી. ત્યાર બાદ મહાત્મા ગાંધીજીએ અસ્પૃશ્યતાને હિન્દુ સમાજનું કલંક ગણીને અસ્પૃશ્યતા નિવારણ અર્થે રચનાત્મક કાર્યક્રમો દ્વારા મહત્વના પ્રયાસો કર્યા હતા.

પ્રસ્તુત પેપરમાં ગુજરાતમાં અસ્પૃશ્યતા અને અસ્પૃશ્યતા નિવારણના પ્રયાસોનું સમાજશાસ્ત્રીય અવલોકન કરવામાં આવ્યું છે. આ પેપર તૈયાર કરવામાં ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં વિવિધ પુસ્તકો, અભ્યાસલેખો, ગ્રંથો, સંશોધનો, આંકડાકીય માહિતી, વર્તમાનપત્રો, ઈન્ટરનેટ (વેબ સાઈટ) વિગેરેનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**ચાવીરૂપ શબ્દો:** ગુજરાત, સામાજીક સમસ્યા, અસ્પૃશ્યતા, અસ્પૃશ્યતા નિવારણ, સમાજશાસ્ત્રીય

**પ્રસ્તાવના:**

માનવસમાજમાં પ્રાચીનયુગથી માંડીને સમકાલીન સમય સુધી કોઈને કોઈ સ્વરૂપની સમસ્યાઓ જોવા મળે છે. કોઈપણ સમાજ કે સમુદાય સમસ્યા વિહિન રહયો નથી. દરેક દેશ અને સમાજને પોતાની સમસ્યાઓ હોય છે. ભારતીય સમાજના સંદર્ભમાં જોઈએ તો ગરીબી, બેકારી, અતિવસ્તી, નીરક્ષરતા, બાળઅપરાધ, નશીલા દ્રવ્યોનું સેવન, મદ્યપાન, આત્મહત્યા, ઘરેલુહિંસા, અસ્પૃશ્યતા વિગેરે અનેકવિધ સમસ્યાઓ જોવા મળે છે.

અસ્પૃશ્યતાની સમસ્યા મુખ્યત્વે ભારતીય સમાજના જ્ઞાતિના માળખા સાથે સંબંધ ધરાવે છે. જેમાં કહેવાતી સવર્ણ જ્ઞાતિના સભ્યો કહેવાતી નીમ્ન કે અસ્પૃશ્ય જ્ઞાતિના સભ્યો સાથે સમાજજીવનના વિવિધ ક્ષેત્રોમાં અસ્પૃશ્યતા કે આભડછેટ દાખવે છે. ભારતમાં વૈદિકકાળથી માંડીને વર્તમાન સમય સુધી અસ્પૃશ્યો પ્રત્યેના ભેદભાવો ટકી રહયા છે. જોકે અસ્પૃશ્યતા નિવારણ માટેના સુધારકોના પ્રયાસો, ધર્મ સુધારકો-તેમના પંથો અને સંપ્રદાયોના પ્રયાસો, બંધારણીય અને કાનૂની જોગવાઈઓ વિગેરેને લીધે પહેલાની સરખામણીમાં અસ્પૃશ્યો પ્રત્યેના ભેદભાવો ઘટવા પામ્યા છે. આમ છતાં અસ્પૃશ્યોનું શોષણ, તેમના પરના અત્યાચારો, તેઓનું પછાતપણું, સંઘર્ષ જેવી બાબતો આજેપણ જોવા મળે છે. પ્રસ્તુત પેપરમાં ગુજરાતના સંદર્ભમાં અસ્પૃશ્યતા અને અસ્પૃશ્યતા નિવારણના પ્રયાસોનું સમાજશાસ્ત્રીય અવલોકન કરવામાં આવ્યું છે.

**અસ્પૃશ્યતાનો અર્થ:**

અસ્પૃશ્યતા એટલે સામાજીક વ્યવહારમાં શારીરિક સંપર્કનો નિષેધ. આ હિન્દુ સમાજનો ખ્યાલ છે. સવર્ણ જ્ઞાતિઓ નીચલી ગણાતી અને ગંદા ગણાતા વ્યવસાયો કરતી જ્ઞાતિઓ સામે જે આભડછેટ દાખવે તે અસ્પૃશ્યતા. અસ્પૃશ્યતા સામાજીક

અંતર અને અસમાનતાનું એક આત્યંતિક સ્વરૂપ છે. તેમાં સમાજમાં ઉચ્ચ ગણાતી જ્ઞાતિની વ્યકિતઓ નીચા ગણાતા કોઈ સ્તરની (જ્ઞાતિની) વ્યકિતઓના સ્પર્શ કે દર્શન માત્રથી અપવિત્ર થઈ જતી મનાય છે. આવી રીતે અપવિત્ર થયેલી ભૂમિ કે વસ્તુને ધર્મસૂચિત કોઈ માર્ગે પુનઃ પવિત્ર કર્યા પછી જ તેનો સ્પર્શ કે ઉપયોગ કરી શકાય તેવું માનવામાં આવે છે. આવી રીતે સ્પર્શાસ્પર્શની (આભડછેટની) આવી રૂઢ માન્યતાઓ અને તે મુજબના ઓછા વત્તા વર્તનના સંયુકત ગુમ્ફિત સ્વરૂપને અસ્પૃશ્યતા તરીકે ઓળખવામાં આવે છે. જોકે અસ્પૃશ્ય શબ્દ હજારો વર્ષોથી અસ્પૃશ્ય અથવા અછૂત માનવામાં આવતી એવી તમામ શોષિત જ્ઞાતિઓ માટે સામૂહિકરૂપે દર્શાવવામાં આવે છે, જે હિન્દુ ધર્મશાસ્ત્રો દ્વારા હિન્દુ સમાજ વ્યવસ્થામાં સૌથી નીચલા સ્તર (ચોથા સ્તર) પર સ્થિત છે, અને બાધ્ય ગ્રંથમાં પાંચમાં સ્તર પર છે. સ્વતંત્ર ભારતના બંધારણ દ્વારા તેઓને 'અનુસૂચિત જાતિઓ' તરીકે ઓળખવામાં આવે છે. ભારતની વસ્તીગણતરી ૨૦૧૧ મુજબ ભારતની કુલ વસ્તીમાં ૧૬.૬ ટકા વસ્તી (૨૦.૧૪ કરોડ વસ્તી) અનુસૂચિત જાતિઓની છે.

**અસ્પૃશ્યતા-એક ઐતિહાસિક દ્રષ્ટિપાત:**

ઐતિહાસિક દ્રષ્ટિએ જોઈએ તો ભારતમાં પ્રવર્તમાન અસ્પૃશ્યતાની સમસ્યા મૂળભૂત રીતે પ્રાચીન વર્ણવ્યવસ્થા સાથે સંબંધ ધરાવે છે. દસ્યુ,દાસ,અસ્પૃશ્ય, શુદ્ર,મ્લેચ્છ અથવા દલિત જ્ઞાતિઓ ભારતની પરાજીત થઈને આર્યોની દાસતા-ગુલામી સ્વીકાર કરવાવાળી જ્ઞાતિઓ છે.આ જ્ઞાતિઓ ઋગ્વેદની રચનાથી માંડીને, બૌધ્ધયુગને છોડીને બ્રિટિશગાળા સુધીના ઈતિહાસના દરેક તબકકે સામાજીક વિષમતાઓ, અસ્પૃશ્યતા, ઉત્પિડન(અત્યાચાર) અને ગુલામીનો શિકાર બની છે. કળાના નિષ્ણાત, અને ઉત્પાદન કૌશલ્ય, કૃષિ અને શ્રમમાં પારંગત હોવા છતાં પણ વર્ણભેદ અને અસ્પૃશ્યતાના આધારે તેઓને ઉચ્ચ જ્ઞાતિઓથી અલગ જ રાખવામાં આવ્યા. ધર્મશાસ્ત્રો, મનુસ્મૃતિ અને પુરાણોમાં તેઓના જીવનસંઘર્ષ, અધઃપતન, અને ગુલામી વિષયક ખંડિત, અપૂર્ણ અને બેવડા સામાજીક મનુવાદી નિયમોની માયાજાળમાં ફસાયેલી જીવનશૈલીનું વર્ણન જોવા મળે છે. બૌધ્ધ ધર્મના પતન બાદ બૌધ્ધ સામાજીક ચિંતનની લોકભાવનાને ઉજાગર કરતા અને જ્ઞાતિપ્રથા તથા અસ્પૃશ્યતાનો અત્યંત વિરોધ કબીર અને રવિદાસ જેવા સંતોની વાણીમાં - તેઓની રચનાઓમાં જોવા મળે છે.

૧૯મી સદીના પ્રારંભથી પશ્ચિમી શિક્ષણ, સંસ્કૃતિ અને ત્યાંની ઔદ્યોગિક પ્રગતિ અને સૌથી મહત્વની વ્યકિતગત સ્વતંત્રતાથી પ્રભાવિત ભારતનો યુવાવર્ગ સામાજિક કુરીવાજો, અંધવિશ્વાસો, ધાર્મિક સંકુચિતતાઓ, જ્ઞાતિવ્યવસ્થા, અસ્પૃશ્યતા વિગરેથી મુકિત અપાવવા વિચારવા લાગ્યો. યુરોપની ધાર્મિક, સામાજિક, ઔદ્યોગિક ક્રાંતિઓ, સત્તા પરિવર્તન, નવી ઉદારમતવાદી સમાજરચના વિગરે જેવી બાબતોએ ભારતિય માનસ ઉપર ઘેરો પ્રભાવ પાડયો. રાજારામ મોહનરાય, દેવેન્દ્રનાથ ઠાકુર, કેશવચંદ્ર સેન, રામકૃષ્ણ પરમહંસ, મહાદેવ ગોવિંદ રાનડે, દયાનંદ સરસ્વતી, ગોપાલ ગણેશ આગરકર, સર સૈયદ અહમદખાં, જયોતિબા ફુલે જેવા અનેક સુધારકોએ દલિતો તથા કહેવાતી અછૂત જ્ઞાતિઓ પ્રત્યેના ભેદભાવો દૂર કરવા, તથા સમાજના બધા જ વર્ગોમાં સામાજિક અને જ્ઞાતિગત સુધારણાની લહેરને લીધે સામાજિક પુનર્નિમાણનો માર્ગ મોકળો કરવામાં મહત્વનો ફાળો આપ્યો. ૧૯મી સદીના અંતમાં દલિત મુકિત આંદોલન માટે જયોતિબા ફુલે અને ૨૦મી સદીમાં ડો. ભીમરાવ આંબેડકરે દલિતોને બંધારણીય રીતે સામાજિક-રાજકિય અધિકારો અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી જે વિશ્વ ઈતિહાસની સૌથી મહાન ઘટના છે.

**ગુજરાતમાં અસ્પૃશ્યતાની સમસ્યા:**

અસ્પૃશ્યતા કે આભડછેટની સમસ્યાનો સંબંધ મુખ્યત્વે જ્ઞાતિમાળખામાં પ્રવર્તતા ઉંચનીચના ભેદભાવો સાથે જોવા મળે છે.આવા ભેદભાવોનો ભોગ કહેવાતી નીમ્ન સામાજિક દરજ્જો ધરાવતી જ્ઞાતિઓ બની હતી. તેઓ સામાજિક જીવનવ્યવહારના વિવિધ ક્ષેત્રોમાં સહભાગી બની શકતા ન હતા. મંદિર, શાળા, સાર્વજનીક કૂવાઓ, રસ્તાઓ-માર્ગો, હોટલો, ટ્રેન, વ્યાપાર, નોકરીઓ વિગેરે અનેક ક્ષેત્રોમાં તેઓનો પ્રવેશ પ્રતિબંધિત હતો. આ પ્રકારના પ્રતિબંધો હિન્દુસ્તાનના જુદા-જુદા ભાગોમાં કે પ્રદેશોમાં જુદા જુદા સ્વરૂપે પ્રવર્તતા હોવાનું જે. એચ. હટ્ટને તેમના પુસ્તક 'હિન્દુસ્તાનની જ્ઞાતિસંસ્થા''માં નોંધ્યું છે.

અમદાવાદ તથા સુરત જીલ્લાઓમાં સવર્ણ છોકરાઓ સામાન્યપણે મંદિરો, ધર્મશાળાઓ કે ખાનગી માલીકીના મકાનોમાં શિક્ષણ માટે બેસતા અને દલિત વર્ગના છોકરાઓને તેમાં દાખલ કરવા સામે વાંધો ઉઠાવવામાં આવતો, પરંતુ શાળાઓને સરકાર તરફથી જે મદદ(ગ્રાન્ટ) મળતી તે બંધ કરવામાં આવશે એવી તાકિદ કરવામાં આવતાં તે વાંધો લેવાનું બંધ થયું. એજ રીતે સુરતમાં ઉપલી જ્ઞાતિઓના આડકતરા દબાણને લીધે ત્યાંના દલિત વર્ગના લોકોને પોતાના બાળકોને નિશાળમાંથી ઉઠાડી લેવા પડ્યા હતા. આ ઉપરાંત કેટલેક ઠેકાણે દલિત વર્ગના બાળકો નિશાળની બહાર જ બેસવાનું પસંદ કરે છે, કારણ કે જો તેઓ અંદર બેસે તો બહિષ્કાર કરવામાં આવે છે ને તેમણે નિશાળ છોડી દેવી પડે છે. ૧૯૩૧માં ખેડામાં આજ બાબતે શાળા અને શિક્ષકોનો બહિષ્કાર કરવાની સવર્ણોએ ધમકી આપી હતી. ખેડા જિલ્લામાં અસ્પૃશ્યોએ પોતાની પાછળ કાંટાઝાંખરાનો સાવરણો બાંધીને ફરવું પડતું, જેથી તેમના જે પગલાં પડે તે સાવરણાથી ભૂંસાઈજાય અને બીજાઓના જવા-આવવાનો માર્ગ શુધ્ધ બની રહે. ૧૮મી સદીના ઉત્તરાર્ધમાં જેમ્સ ફોર્બ્સ નામના અંગ્રેજે ગુજરાતના અસ્પૃશ્યોની દુર્દશાનું વર્ણન કર્યુ છે. તે જયારે ડભોઈમાં સનદી અધિકારી હતા ત્યારે હીરા ભાગોળનો દરવાજો અછૂતો માટે બંધ હતો. તેમને માટે ગામમાં પ્રવેશવા પશ્ચિમનો દરવાજો મુકરર રાખવામાં આવ્યો હતો.

મકરંદ મહેતાએ તેમના એક પુસ્તકમાં ગુજરાતમાં અસ્પૃશ્યો પ્રત્યેના સામાજિક વલણો કેવા સ્વરૂપે જોવા મળતા હતા તેનું વર્ણન વર્ષો પહેલાની દંતકથા દ્વારા દર્શાવ્યું છે. સોલંકી રાજા સિધ્ધરાજ જયસિંહ (૧૦૯૪-૧૧૪૩) જ્યારે સહસ્ત્રલિંગ તળાવનું સમારકામ કરાવતા હતા ત્યારે તેમાં પાણી ટકી શકતું ન હોવાથી સિધ્ધરાજે દૈવી શકિતને રીઝવવા માનવભોગ ધરાવવાનો નિર્ણય લીધો. આ કામ માટે માયા નામનો એક અસ્પૃશ્ય તૈયાર થયો, પણ તેના બલિદાનના બદલામાં રાજા પાસેથી એવું વચન લીધુ કે અસ્પૃશ્યોને ગામની બહાર જ રહેવાની ફરજ પાડવામાં ન આવતાં તેમણે ગામની અંદર પણ વસવાટ કરવા દેવામાં આવે. માયાએ એવી પણ શરત મૂકી કે અસ્પૃશ્યોને 'ઓળખના ખાસ ચિહનો' ધારણ કરવાની ફરજ પાડવામાં ન આવે. ગુજરાતમાં તમામ અસ્પૃશ્યો સવર્ણોથી જુદા તરી આવે અને તેમણે સ્પર્શ કરવાના પ્રસંગો ના બને તે હેતુથી તેમણે ખાસ વસ્ત્રો અને શિંગડા ધારણ કરવા પડતા અથવા તો થુંકવા માટે ગળે કુલડી લટકાવવી પડતી. એજ રીતે લગ્ન પ્રસંગે તેઓ વરઘોડો કાઢી શકતા ન હતા. મંદિરમાં પ્રવેશ કરી શકતા ન હતા. આવા અનેક સ્વરૂપના ભેદભાવો દાખવવામાં આવતા હતા. જોકે અસ્પૃશ્યોમાં પણ ઉચનીચના ભેદભાવો પર રચાયેલી વિવિધ જ્ઞાતિઓ છે, જે પરસ્પર અસ્પૃશ્યતાનું પાલન કરે છે.

**ગુજરાતમાં અસ્પૃશ્યતા નિવારણના પ્રયાસો:**

જે રીતે ભારતમાં ૧૯મી સદી દરમ્યાન વિવિધ સમાજસુધારકોએ જ્ઞાતિ-જાતિના ભેદભાવો અને અન્ય કુપ્રથાઓને સમાજમાંથી દૂર કરવા પ્રયાસો કર્યા હતા તેવી જ રીતે ગુજરાતમાં ઈ.સ.૧૮૫૦ બાદ મહીપતરામ રૂપરામ, ભોળાનાથ સારાભાઈ, મણીશંકર કિકાણી, દુર્ગારામ મહેતાજી, કરશનદાસ મૂળજી જેવા સુધારકોએ સમાજમાં પ્રવર્તતા વિવિધ અનિષ્ટોને નાબૂદ કરવા ઝૂંબેશ શરૂ કરી હતી. જોકે અસ્પૃશ્યતા નિવારણની બાબતમાં તેઓને સફળતા મળી ન હતી. કરશનદાસ મૂળજીએ 'સત્યપ્રકાશ' નામના સામયિકમાં સુધારણા અંગેના લેખો છાપ્યા. દુર્ગારામ મહેતાજીએ ભૂતપ્રેત, ડાકણ, જાદુ વિશેના ખ્યાલો તથા જ્ઞાતિપ્રથા જેવી બાબતોનો વિરોધ કર્યો હતો. આ તમામ રેશનાલિસ્ટ નેતાઓએ એમ જરૂર કહયું હતુ કે અસ્પૃશ્યો પણ માણસો છે, આપણે સૌ સરખા છીએ.

**અસ્પૃશ્યતા નિવારણમાં ધર્મ સુધારકો (સંપ્રદાયો અને પંથો) નો ફાળો:**

સમાજ સુધારકોની જેમ ધર્મ સુધારકોએ પણ જ્ઞાતિના ભેદભાવોને દૂર કરવાના પ્રયાસો કર્યા હતા. તેમાં નાના અનેક સંપ્રદાયો, કબીરપંથી, સંતરામ, માધવગર, બીજમાર્ગી, પ્રણામી અને સ્વામીનારાયણ સંપ્રદાયોએ શુદ્રોની લાગણી અને જરૂરિયાતોને સંતોષવા આદરેલી પ્રવૃત્તિઓને પરિણામે ગુજરાતમાં શુદ્રો જેમ જેમ સંપ્રદાયોમાં સમાતા ગયા તેમ તેમ મંદિરોમાં જઈ, કથાવાર્તા સાંભળી, માંસ-મદિરા ત્યજીને તેઓ તેમની જ્ઞાતિઓમાં 'શુધ્ધ' થતા ગયા. અસ્પૃશ્યો પણ આ સંપ્રદાયોમાં દાખલ થતા ગયા તેઓ મુખ્યત્વે રામાનંદી, બીજમાર્ગી, કબીરપંથ અને સ્વામીનારાયણ સંપ્રદાયોમાં જોડાયા. પણ વર્ણવ્યવસ્થા હિન્દુ ધર્મનો આધારસ્તંભ હોઈ અને સંપ્રદાયો માટે ધંધાકિય દ્રષ્ટિએ વર્ણાશ્રમ ધર્મનું પાલન કરવું વ્યવહારું હોઈ અસ્પૃશ્યો સંપ્રદાયમાં

દાખલ થવા છતાં તેમને માટે મંદિરના બારણાં બંધ હતા.આમ છતાં તેમના ખાનપાન અને અન્ય અસ્પૃશ્યોની સાથેના સંસર્ગની બાબતમાં વિશેષ કાળજી લેવી શરૂ કરી અને ગામમાં તેમના અલગ મંદિરો બાંધવા પણ શરૂ કરી દીધા. આ રીતે ધર્મ સુધારકો-સંપ્રદાયોની અસ્પૃશ્યોના સામાજિક-સાંસ્કૃતિક જીવન ઉપર કેટલીક અસરો પડી.

**અસ્પૃશ્યતા નિવારણમાં મહારાજા સયાજીરાવ ગાયકવાડનો ફાળો:**

બ્રિટિશગાળા દરમ્યાન ગુજરાતમાં અસ્પૃશ્યતા નિવારણમાં વડોદરા રાજયના મહારાજા સયાજીરાવ ગાયકવાડ (૧૮૮૨-૧૯૩૯) નું નામ મોખરે રહેલું છે. તેમને કન્યાકેળવણી, બાળલગ્ન, જાતિપ્રથા નાબૂદી, બહુપત્નિ પ્રથા, વિધવા વિવાહ, વ્યસનમુકિત અને અછૂતોધ્ધાર (અસ્પૃશ્યોનું કલ્યાણ) જેવા અનેક સમાજ સુધારણાના કાર્યો માટે યાદ કરાય છે. સયાજીરાવ ગાયકવાડે અંત્યજોના ઉધ્ધાર માટે શાળાઓ અને બોર્ડિંગો શરૂ કરી હતી. હરિજન સમાજના બાળકો માટે વિશેષ શાળાઓ શરૂ કરી.૧૮૯૨માં સયાજીરાવે વડોદરા રાજયમાં કેળવણીને મફત અને ફરજિયાત બનાવવાનો સંકલ્પ કર્યો. તેમણે એક અખતરારૂપે અમરેલી તાલુકાને પસંદ કર્યો. બીજે જ વર્ષે ગાયકવાડ સરકારે અસ્પૃશ્ય વિદ્યાર્થિ માટે ૧૪ અને વિદ્યાર્થિનીઓ માટે ૧ એમ કુલ ૧૫ 'અંત્યજ શાળાઓ' સ્થાપી, અને સાથે સાથે અંત્યજ બોર્ડિંગ શરૂ કરવામાં આવી. જોકે આ બોર્ડિંગમાં નોકરી કરવા માટે કોઈ બેકાર હિન્દુ તૈયાર ન થતા. સામાન્ય રીતે મુસલમાન, પારસી તથા ખ્રિસ્તી શિક્ષકોથી કામ ચલાવવામાં આવતું.પણ ધીમે ધીમે કળથી કામ લઈને ગાયકવાડ સરકારે મોટી સંખ્યામાં અસ્પૃશ્યો માટે શિષ્યવૃત્તિઓ દાખલ કરીને અસ્પૃશ્યોની પ્રગતિમાં નવો ચીલો શરૂ કર્યો. જોકે તે સમયે અસ્પૃશ્યોની કુલ વસ્તીના પ્રમાણમાં બહુ ઓછા અસ્પૃશ્યો પ્રાથમિક શાળાઓમાં હાજરી આપતા હતા. સયાજીરાવ ગાયકવાડે શિક્ષિત અંત્યજોને રાજયની નોકરીઓમાં લેવા શરૂ કર્યા. એજ રીતે ૧૯૧૩માં બાબાસાહેબ આંબેડકરને શિષ્યવૃત્તિ આપીને અભ્યાસ માટે ઇંગ્લેન્ડ અને અમેરીકા મોકલ્યા હતા. એટલું જ નહી મહારાજા સાથે થયેલ કરાર મુજબ આંબેડકર વડોદરા રાજયમાં 'સૈનિક સચિવ' તરીકે નોકરીમાં જોડાયા. જોકે નોકરીના સ્થળે પટાવાળાથી માંડીને અધિકારીઓ આંબેડકર સાથે ભેદભાવભર્યો વ્યવહાર કરતા. તેઓ દ્વારા થતા અપમાન અને માનસિક ત્રાસ ને લીધે થોડા જ સમયમાં આંબેડકરે નોકરી અને વડોદરા છોડી દીધુ.

**ગુજરાતમાં મિશનરી પ્રવૃત્તિઓ અને અસ્પૃશ્યતા નિવારણ:**

ગુજરાતમાં ખ્રિસ્તી ધર્મ પ્રવર્તકોની પ્રવૃત્તિઓ બ્રિટિશ શાસનની શરૂઆત પહેલા પણ શરૂ થઈ ચૂકેલી હતી. લંડન મિશનરી સોસાયટી અને ચર્ચ મિશનરી સોસાયટી જેવી સંસ્થાઓએ ૧૮૧૬માં સુરતમાં એક શાળા સ્થાપી હતી.આજ અરસામાં તેમણે સુરતમાં ધાર્મિક પ્રવૃત્તિઓ માટે એક છાપખાનું સ્થાપ્યું હતું. જે ગુજરાતનું સૌ પ્રથમ છાપખાનું હતું. ગુજરાતમાં ગરીબ લોકો, શુદ્રો અને અસ્પૃશ્યોના કલ્યાણ માટેની પ્રવૃત્તિઓ પાંગરવા માંડી. ૧૮૪૧ માં જેમ્સ ગ્લાસ્ગો અને એલેકઝાંડર કેર જેવા ચૂનંદા ખ્રિસ્તીઓએ રાજકોટમાં આઈરીશ પ્રેસ્બીટેરિયન મિશનની સ્થાપના કર્યા બાદ ગુજરાતમાં ઠેર ઠેર મિશનો અને તેમની સંસ્થાઓ સ્થાપતા ગયા. આમ, મિશનરી પ્રવૃત્તિઓને લીધે ગુજરાતના અસ્પૃશ્યોના સામાજિક અને શૈક્ષણિક દરજ્જા ઉપર કેટલીક અસરો પડી.

**મહાત્મા ગાંધીજી અને દલિતોધ્ધારની પ્રવૃત્તિઓ:**

મહાત્મા ગાંધીજીની દલિતોધ્ધાર કે અસ્પૃશ્યતા નિવારણની વિવિધ પ્રવૃત્તિઓ-કાર્યો તેમના અસ્પૃશ્યતા નિવારણ માટેના રચનાત્મક કાયક્રમ દ્વારા દર્શાવી શકાય. ગાંધીજીએ અસ્પૃશ્યતાને હિન્દુ સમાજનું કલંક ગણીને તેને સમાજમાંથી દૂર કરવા મહત્વના પ્રયાસો કર્યા હતા. ગાંધીજીએ અસ્પૃશ્યોની વાસ્તવિક સ્થિતિ જાણવા માટે જરૂરી ક્ષેત્રકાર્ય દ્વારા માહિતી એકત્ર કરાવી હતી. ગાંધીવાદી કાર્યકરોએ અમૃતલાલ ઠક્કર(ઠક્કરબાપા) ની દોરવણી નીચે ૧૯૩૨ બાદ ગુજરાતના ગામડાઓમાં વસતા હિરજનોની અને તેમાં પણ ખાસ કરીને ભંગી લોકોની સહકારી મંડળીઓ સ્થાપિત કરી હતી. જેથી તેઓને શાહુકારોના પંજામાંથી મુકત કરી શકાય. ગાંધીજીએ 'હરિજન સેવકસંઘ'ની સ્થાપના કરીને દલિતોધ્ધારની પ્રવૃત્તિને વેગ આપ્યો હતો.મામા સાહેબ ફડકે, ઈન્દુલાલ યાજ્ઞિક, સ્વામી આનંદ, પરીક્ષિતલાલ મજમુદાર, ઠક્કરબાપા, કિશોરલાલ મશરૂવાળા અને રવિશંકર મહારાજ જેવા કાર્યકરોએ હરિજન કલ્યાણની પ્રવૃત્તિઓને વેગ આપ્યો હતો. જે નીચે મુજબ દર્શાવ્યું છે.

(૧) ગાંધીજીના મતે દરેક આશ્રમવાસીઓએ અસ્પૃશ્યોમાં ગણાતા ત્રણ કામો જેવા કે પાયખાના સફાઈકામ, ચમારકામ અને વણાટકામ જાતે કરવા.

(૨) સમગ્ર દેશના જીવનની ગુણવતા સુધારવા માટે તેમણે અસ્પૃશ્યતા નિવારણ, ગૌસેવા, ગ્રામ સફાઈ અને નશાબંધીને આવરી લીધા હતા.

(૩) ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણને સ્વરાજય ઈમારતની પ્રથમ દીવાલ ગણાવ્યું છે, એટલે કે સ્વરાજયની ઈમારત ઉભી કરવાનું જે કાર્ય આપણે લઈને બેઠા છીએ તેનો જ આ એક ભાગ છે.

(૪) અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના વખતે તેના નિયામક મંડળમાં હરિજનોને વિદ્યાપીઠમાં દાખલ કરવા અંગે મતભેદ પડયો હતો, છેવટે બાપુએ નિર્ણય કર્યો કે હરિજનોને દાખલ કરવા જ જોઈએ.

(૫) ૧૯૨૮, માર્ચ મહિનામાં અમદાવાદ ખાતે હરિજન ભાઈઓની સભામાં ગાંધીજીએ હરિજનોને મદ્યપાન, કરજ (દેવું) થી દૂર રહેવા અને સફાઈનો ઈજારો ન રાખવા અંગે અનુરોધ કર્યો હતો.

(૬) સવર્ણ જ્ઞાતિઓ હરિજનોને સાર્વજનિક કુવાઓમાંથી પાણી લેવા દેતા ન હતા. ગાંધીજીએ કહયું કે સરકારે હરિજનોને વિશેની પોતાની નીતિ જલદીથી જાહેર કરી તેમને પડતી આ જાતની હાડમારીઓ કાયદાની મદદથી દૂર કરવી જોઈએ.

(૭) ગાંધીજીએ અસ્પૃશયતા નિવારણ અર્થે હરિજન સેવક સંઘ ની સ્થાપના કરી, અને સાબરમતી આશ્રમ સંઘને અર્પણ કર્યો.ગાંધીબાપુનો એ આશ્રમ હરિજન આશ્રમ બન્યો અને ત્યાં ગુજરાત હરિજન સેવક સંઘનું સેવાકાર્ય ચાલુ થયું.

(૮) ભારતના શહેરો અને ગામડાઓમાં આભડછેટને દૂર કરવા અને હરિજન સેવાના કામને વેગ આપવા પ્રવાસ કરી સભાઓ ભરી હતી.

(૯) ગાંધીજીએ 'યંગ ઈન્ડિયા', 'હરિજન', 'નવજીવન' જેવા સામયિકોમાં અસ્પૃશ્યતા વિશેના લેખો પ્રકાશિત કરી સમાજમાં જાગૃતિ લાવવા પ્રયાસો કર્યા.

(૧૦) ૧૯૩૨ બાદ હરિજનોના મંદિર અને શાળા પ્રવેશની ઝૂંબેશ તે સમયના ગાંધીવાદી કાર્યકરોએ શરૂ કરી હતી.

**આંબેડકરવાદી દલિતોધ્ધાર પ્રવૃત્તિઓનો ગુજરાતમાં પ્રભાવ:**

ડો.આંબેડકરના નેતૃત્વમાં મહારાષ્ટ્રના મહાર સમુદાયમાં સામાજીક અને રાજકિય જાગૃતિ લાવવામાં અને તેઓને હકો અને અધિકારો અપાવવા માટે થયેલા આંદોલનોનો નોંધપાત્ર ફાળો રહેલો છે. ગુજરાતમાં પણ ડો. આંબેડકરની દલિતોધ્ધાર પ્રવૃત્તિઓનો પ્રભાવ પડયો હતો. ડો.આંબેડકરે મુંબઈમાં જુલાઈ, ૧૯૨૪માં 'બહિષ્કૃત હિતકારિણિ સભા'ની સ્થાપના કરી હતી. આ સંસ્થા - તેના કાર્યકરોએ ૧૯૨૭માં 'અંબાદેવી મંદિર (અમરાવતી) સત્યાગ્રહ કર્યો, અને ૧૯૩૦માં નાસિકમાં આવેલા કાલારામ મંદિર પ્રવેશનો જબરજસ્ત સત્યાગ્રહ કર્યો. આ બધાની અસર અમદાવાદ અને ગુજરાતના શિક્ષિત દલિતો ઉપર પડી. તેમણે મુંબઈમાં વસતા ગુજરાતી દલિતો સાથેનો સંપર્ક જીવંત બનાવ્યો અને એ રીતે તેમણે અમદાવાદમાં આંબેડકરવાદી પ્રવૃત્તિઓ લગભગ ૧૯૨૬થી શરૂ કરી દીધી. ગાંધીવાદી વાતાવરણમાં આ રીતે ઉદ્દામવાદી પ્રવૃત્તિઓની દલિતો દ્વારા શરૂઆત થઈ. જોકે આ સમયે કેટલાક દલિત સુધારકો ગાંધીજી, કોંગ્રેસ અને મજૂર મહાજનની વિચારસરણી રજૂ કરતા, તેની સાથે સાથે નવોદિત આંબેડકરવાદી એટલે કે લડાયક વિચારોનો પણ પ્રચાર કરતા. આંબેડકરવાદી વિચારોના વિચારોના પ્રભાવ હેઠળ એક હરિજન શિક્ષકે ૧૯૨૯માં ખાનપુર વિસ્તારમાં 'દલિત છાત્રાલય' શરૂ કર્યુ જે અંગે ચર્ચાવિચારણા કરવા ડો.આંબેડકર જૂન-૧૯૩૧માં અમદાવાદ આવ્યા હતા. જોકે આ સમયે સ્ટેશને આંબેડકરનું સ્વાગત કરવા ગયેલા આંબેડકરવાદીઓ અને આંબેડકરનો વિરોધ કરવા ગયેલાઓ વચ્ચે સંઘર્ષ થયો હતો. આમ દલિતોના ઉધ્ધાર માટેની આંબેડકરવાદી વિચારસરણી અને ગાંધીવાદી વિચારસરણીના તફાવતોને લીધે બંને વિચારસરણીઓ વચ્ચે સંઘર્ષ થતો રહેતો હતો.

**વર્તમાન ગુજરાતમાં અસ્પૃશ્યતા:**

અસ્પૃશ્યતાની સમસ્યાના નિવારણ માટે ઉપરોકત દર્શાવ્યા મુજબ અનેક સુધારકો, ધર્મસંપ્રદાયો અને પંથો, મિશનરીઓ, ગાંધીવાદી અને આંબેડકરવાદી વિચારધારાઓ અને પ્રવૃત્તિઓનો મહત્વનો ફાળો રહેલો છે. તેઓના પ્રયાસોની

અસ્પૃશ્યોના જીવન ઉપર હકારાત્મક અસરો પડી છે, આમ છતાં હજુ સંપૂર્ણપણે અસ્પૃશ્યતા નાબૂદ થઈ નથી. અસ્પૃશ્યતાને લીધે
અનુસૂચિત જાતિઓને હજી પણ વ્યવહારમાં બધા જ નાગરિક અધિકારો પ્રાપ્ત થયા નથી. સ્વતંત્ર ભારતના બંધારણના
અનુચ્છેદ૧૭ મુજબ અસ્પૃશ્યતા અંગેનો વ્યવહાર ગુનો ગણાય છે. એજ રીતે અસ્પૃશ્યતા અપરાધ નિવારણ ૧૯૫૫ ઘડાયો અને
૧૯૭૬માં તેમાં કેટલોક સુધારો કરવામાં આવ્યો. આ કાયદાઓ દ્વારા તમામ સાર્વજનિક સ્થળો અસ્પૃશ્યો સહિત તમામ માટે
જ્ઞાતિઓ માટે ખુલ્લા મુકવામાં આવ્યા. અસ્પૃશ્યતા અંગેનો ભેદભાવ સજાપાત્ર ગુનો ગણાય છે. આવી જ રીતે અનુસૂચિત
જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ પરના અત્યાચારોને અટકાવવા માટે ૧૯૮૯માં એટ્રોસિટી એક્ટ ઘડવામાં આવ્યો
ગુજરાતના સંદર્ભમાં જોઈએ તો સવર્ણ હિન્દુ જ્ઞાતિઓની અસ્પૃશ્યો પ્રત્યેની મનોવૃત્તિ હજુ સંપૂર્ણપણે બદલાઈ નથી.
ડૉ.આઈ.પી. દેસાઈનો અભ્યાસ દર્શાવે છે કે ગ્રામિણ સમાજમાં જાહેરજીવનના ક્ષેત્રોમાં અસ્પૃશ્યતા અંગેના ભેદભાવો ઘટતા જાય
છે, આમછતાં અંગત જીવનવ્યવહારમાં આવા ભેદભાવો ઓછા ઘટવા પામ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા રાજયસભામાં રજૂ કરવામાં
આવેલા આંકડા મુજબ ગુજરાતમાં દલિતો પરના અત્યાચારના કેસો ૨૦૧૬માં ૧૦૦૯ હતા તે ૩૧ ટકા વધીને ૨૦૧૭માં
૧૩૨૧થયા હતા. આવી જ રીતે ૨૦૧૮માં એટ્રોસિટી એક્ટ હેઠળ ગુજરાતમાં નોંધાયેલા ગુનાઓનું પ્રમાણ ૧૫૪૫ છે, જેમાં ૨૨
કેસ હત્યા, ૮૧ કેસ મારપીટ, ૧૦૪ બળાત્કાર અને ૭ કેસ ઘરોમાં આગ લગાવવા અંગેના હતા. વર્ષ ૨૦૧૨માં થયેલ થાનગઢ
કાંડ (પોલીસ ફાયરીંગમાં ૩ દલિત યુવકોના મોત), ૨૦૧૬માં થયેલ ઉનાકાંડ(દલિત યુવાનોની મારપીટ), ૨૦૧૯માં મહેસાણામાં
૪૦૦ દલિતોએ કરેલું ધર્મપરિવર્તન (હિન્દુધર્મનો ત્યાગ કરી બૌધ્ધધર્મ અંગીકાર કર્યો) વિગરે ઘટનાઓ ગુજરાતમાં અસ્પૃશ્યતા
અને અસ્પૃશ્યોની વાસ્તવિક સ્થિતનું ચિત્ર દર્શાવે છે. એકબાજુ અનુસૂચિત જાતિઓ પોતાના શોષણ અને અત્યાચારોની વિરધ્ધ
સંઘર્ષ કરીને સંગઠિત બની રહી છે, ત્યારે બીજી બાજુ સવર્ણ જ્ઞાતિઓમાં પણ તેઓને દબાવીને તેમના સંઘર્ષને કચડવા પ્રયાસ કરી
રહી છે.આમ, આંતર-જ્ઞાતિય સંઘર્ષની ઘટનાઓ બનતી રહે છે.

**સંદર્ભગ્રંથ સૂચિ:**

(૧) જોષી ડો.વિદ્યુતભાઈ, પારિભાષિક કોશ-સમાજશાસ્ત્ર', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડઃ ગુજરાત રાજ્યઃ અમદાવાદ, ૧૯૯૭.

(૨) દેશપાંડે પાંડુરંગ ગણેશ (અનુવાદક), 'હિન્દુસ્તાનની જ્ઞાતિ સંસ્થા', ગુજરાત યુનિવર્સિટીઃ અમદાવાદ, ૧૯૯૦.

(૩) પટેલ જીતેન્દ્ર., ' આપણા સુધારકો ', પાર્શ્વ પબ્લિકેશનઃ અમદાવાદ, ૨૦૧૨.

(૪) મહેતા મકરન્દ., 'હિન્દુવર્ણ વ્યવસ્થા સમાજપરિવર્તન અને ગુજરાતના દલિતો', અમી પબ્લિકેશનઃ અમદાવાદ, ૧૯૯૫.

(૫) ગાંધી મો. ક., ' સત્યના પ્રયોગો', નવજીવન પ્રકાશન મંદિરઃ અમદાવાદ, ૨૦૦૫.

(૬) ગાંધી મો. ક., ' રચનાત્મક કાર્યક્રમ', નવજીવન પ્રકાશન મંદિરઃ અમદાવાદ, ૧૯૪૧.(૭) પંચાલ ડો.હસમુખ., 'મહાત્મા ગાંધીજીનું સમાજદર્શન', અનડા પ્રકાશનઃ અમદાવાદ, ૨૦૧૯.

(૮) આહૂજા રામ., 'સામાજીક સમસ્યાએઁ'(હિન્દી),રાવત પબ્લિકેશનઃ જયપુર, ૨૦૧૬.

(૯) ચંચરીક કન્હેયા લાલ., 'ભારત મેં દલિત આંદોલન એક મૂલ્યાંકન'(હિન્દી), સૃષ્ટિ બુક ડિસ્ટ્રીબ્યુટર્સઃ નઈ દિલ્લી, ૨૦૦૬.

(૧૦) બારોટ હિરેન જે., 'દલિત એવમ માનવાધિકાર' (હિન્દી), પેરેડાઈજ પબ્લિશર્સઃ જયપુર,૨૦૧૮.

(૧૧) દવે જે. કે., 'ગ્રામિણ ગુજરાતમાં અસ્પૃશ્યતા(આઈ. પી.દેસાઈ)' અનડા બુક ડીપોઃઅમદા.૨૦૧૨.

(૧૨) સેન્સસ ઓફ ઈન્ડિયા-૨૦૧૧

(૧૩) વેબસાઈટઃ

Atrocity cases in Gujarat
https://timesofindia.indiatimes.com/city/ahmedabad/1545-atrocity-cases-in-2018-in-state/articleshow/68143483.cms
https://www.firstpost.com/india/atrocities-on-dalits-and-tribals-up-by-70-in-gujarat-between-2003-and-2018-conviction-rate-below-5-in-modis-first-3-yrs-as-pm-6551441.html